ફેક્સ : (૦૭૯) ૨૬૩૦૨૬૫૪
ટેલીફોન : ૨૬૩૦૧૩૪૧–૨૬૩૦૦૩૪૨–૪૩
૨૬૩૦૦૧૨૬ અને૨૬૩૦૦૬૬૪
ટેલીગ્રામ : યુનિ.ગુજરાત

FAX : (079) 26302654 & 26306194
Phone : 26301341-26300342-43,
26300126 & 26300664
Gram : UNIGUJARAT

# ગુજરાત યુનિવર્સિટી
# GUJARAT UNIVERSITY

ગુજરાત યુનિવર્સિટી કાર્યાલય
પોસ્ટ બોક્ષ નં ૪૦૧૦
નવરંગપુરા, અમદાવાદ–૩૮૦ ૦૦૯.

OFFICE OF THE GUJARAT UNIVERSITY
POST BOX NO.4010, NAVRANGPURA
AHMEDABAD-380 009.

૨૬/૦૩/૨૦૨૦

સંદર્ભ: ગુજરાત રાજ્ય સરકારના શિક્ષણવિભાગના પરિપત્ર ક્રમાંક કરન/૧૦૨૦૧૦/૨૪૦૩ ૨૦૨૦/ખ- ૨ મુજબ:

વિષય: નોવેલ કોરોના વાઈરસ COVID-19 અન્વયે રાજ્યની તમામ યુનિવર્સિટી/કોલેજો માટે લોક ડાઉનની સૂચનાઓનું પાલન કરવા અંગે

ઉપરોક્ત વિષય પરત્વેના ગુજરાત રાજ્ય સરકારના શિક્ષણ વિભાગના પત્ર ક્રમાંક કરન/૧૦૨૦૧૦/૨૪૦૩ ૨૦૨૦/ખ- ૨ તા.૨૬/૦૩/૨૦૨૦ના સંદર્ભમાં ગુજરાત યુનિવર્સિટીના તમામ શૈક્ષણિક તેમજ વહીવટી કર્મચારીઓ ,સંલગ્ન તમામ કોલેજોના આચાર્યશ્રીઓ /માન્ય સંસ્થાઓના વડાશ્રીઓને જણાવવાનું કે નોવેલ કોરોના વાઇરસ (COVID-19)ની મહામારીને જોતા લેવાની તકેદારીના ભાગરૂપે ગુજરાત યુનિવર્સિટી તેમજ સંલગ્ન તમામ કોલેજો અને માન્ય સંસ્થાઓ તા. ૨૫/૦૩/૨૦૨૦ થી તા.૧૪/ ૦૪/૨૦૨૦ સુધી જરૂરી આવશ્યક સેવાઓ સિવાય બંધ રહેશે જેની નોંધ લેશો.

વધુમાં ગુજરાત યુનિવર્સિટીની તમામ પરીક્ષાઓ હાલ મોકુફ રાખવામાં આવેલ છે અને પરિસ્થિતિ નિયંત્રણમાં આવ્યા બાદ પરીક્ષાઓનો વિગતવાર કાર્યક્રમ ગુજરાત યુનિવર્સિટીની વેબસાઈટ ઉપર મુકવામાં આવશે, જેની પણ નોંધ લેવા વિનંતી છે.

ઉપરોક્ત સંદર્ભે ગુજરાત યુનિવર્સિટી અને રાજ્ય સરકારશ્રી દ્વારા બહાર પાડવામાં આવતી માર્ગદર્શિકા અને સૂચનાઓનું ચુસ્તપણે પાલન કરવા તમામને આથી જણાવવામાં આવે છે.

યોગ્ય સમયે માહિતી મળતી રહે તે માટે સમયાંતરે યુનિવર્સિટીની વેબસાઈટ ચેક કરતાં રહેવું.

કુલસચિવ

પ્રતિ,

1) ગુજરાત યુનિવર્સિટી સંલગ્ન તમામ ભવનોના અધ્યક્ષશ્રીઓ,

2) ગુજરાત યુનિવર્સિટી સંલગ્ન તમામ કોલેજોના આચાર્યશ્રીઓ,

3)ગુજરાત યુનિવર્સિટીના તમામ વિભાગના વિભાગીય વડાશ્રીઓ

ક્રમાંકઃ કરન/૧૦૨૦૧૦/૨૪૦૩ ૨૦૨૦/ખ-૨
શિક્ષણ વિભાગ
સચિવાલય ગાંધીનગર
તા.૨૬/૩/૨૦૨૦

પ્રતિ

(૧) નિયામકશ્રી, ઉચ્ચ શિક્ષણ,
ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.

(૨) નિયામકશ્રી, ટેકનીકલ શિક્ષણ,
ડૉ. જીવરાજ મહેતા ભલ્વન, ગાંધીનગર.

(૩) વાઈસ ચાન્સેલરશ્રી,
રાજ્યની તમામ સરકારી અને ખાનગી યુનિવર્સિટીઓ.

<u>વિષય:-નોવેલ કોરોના વાયરસ (COVID-19) અન્વયે રાજ્યની તમામ યુનિવર્સિટી/કોલેજો માટે લોક ડાઉનની સુચનાઓનું પાલન કરવા અંગે.</u>

શ્રીમાન,

ઉપર્યુક્ત વિષય પરત્વે જણાવવાનું કે તાજેતરમાં નોવેલ કોરોના વાયરસ(COVID-19) કે જેને WHO દ્વારા વૈશ્વિક મહામારી જાહેર કરવામાં આવેલ છે; તે સંબંધમાં લેવાની થતી તકેદારી સંબંધમાં સામાન્ય વહીવટ વિભાગના તા.૨૪/૦૩/૨૦૨૦ ના પરિપત્ર ક્રમાંકઃ પરચ/૧૦૨૦૨૦/૫૦૧/ટ થી જાહેર હિતમાં રાજ્યની આવશ્યક સેવાઓ સાથે સંકળાયેલ સરકારી કચેરીઓ સિવાયની તમામ કચેરીઓ તા.૨૫/૦૩/૨૦૨૦ થી તા.૧૪/૦૪/૨૦૨૦ સુધી બંધ રાખવાની સુચનાઓ પરિપત્રિત કરવામાં આવી છે.

3. ઉક્ત પરિપત્રને અનુલક્ષીને ગુજરાત રાજ્યમાં કાર્યરત તમામ યુનિવર્સિટીઓ, કોલેજો તથા ઉચ્ચ શૈક્ષણિક સંસ્થાઓ તા.૨૫/૦૩/૨૦૨૦ થી તા.૧૪/૦૪/૨૦૨૦ સુધી સંપૂર્ણ રીતે બંધ રાખવા આજ્ઞાનુસાર જણાવવામાં આવે છે.

આપનો વિશ્વાસુ,
રોનક મહેતા
(રોનક મહેતા)
નાયબ સચિવ
શિક્ષણ વિભાગ